# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન

## મહાશિવરાત્રિ

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### "દર્શનનું બુકિંગ કરવું"

શ્રીગુરુમાઈએ સત્સંગ દરમ્યાન સાત વર્ષની બાળકીનો એક પ્રસંગ કહ્યો. આ નાની છોકરી શ્રી મુક્તાનંદ આશ્રમમાં તેનાં માતાપિતાની સાથે આવી હતી, જેઓ સેવા કરવા માટે આવ્યાં હતાં. તેણે તેમને અચાનક પૂછ્યું, "શું તમે ગુરુમાઈજી સાથે દર્શનનું બુકિંગ કરી લીધું છે?"

જ્યારે ગુરુમાઈજીએ આ પ્રસંગ સંભળાવ્યો ત્યારે આપણે બધાં તેમની સાથે હસી પડ્યાં. ગુરુમાઈજીએ કહ્યું, "મને પણ એ સાંભળવું સારું લાગ્યું. આપણે નિશ્ચિતરૂપે એક નવી, નવીન દુનિયામાં છીએ."

અને પછી તેમણે કહ્યું : "કેમ નહીં, હે ને? બસ બુકિંગ કરી લો. દર્શન કોઈપણ સમયે થઈ શકે છે. તો બુકિંગ કેમ ના કરી લઈએ?"

મારી સાથે આવું ઘણીવાર થાય છે જેમ આ વખતે થયું કે જ્યારે હું ગુરુમાઈજી સાથે સત્સંગમાં હોઉં છું ત્યારે મારા મનમાં એકસાથે ઘણા બધા વિચારો ઊઠે છે. અનેક ભાવનાઓ, રંગો અને છબીઓ ઊભરે છે. એ નાની છોકરીની દર્શન કરવાની ઇચ્છા મારા હૃદયને સ્પર્શી ગઈ. તેણે આ વાત જે રીતે વ્યક્ત કરી, તેનાથી મને હસવું આવી ગયું. અને હું ઘણી ભાવુક થઈ ગઈ જ્યારે ગુરુમાઈજીએ કહ્યું — "કેમ નહીં?"

હા, એ છોકરીએ જે કહ્યું તે રમુજી, મધુર અને મોહક હતું. સાથે-સાથે, મને મહસૂસ થયું કે ગુરુમાઈજી આ છોકરીના ભાવને પૂરીરીતે સમજીને જવાબ આપી રહ્યાં હતાં. મને મહસૂસ થયું કે ગુરુમાઈજી એ છોકરીની લલકને સારી રીતે જાણતાં હતાં અને એ લલકનો જવાબ અત્યંત ધ્યાનપૂર્વક અને ગંભીરતાથી આપી રહ્યાં હતાં.

એ વાત પર ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે કે આ છોકરી સાત વર્ષની છે. તેનું આખું જીવન એક એવી દુનિયામાં વીત્યું છે જેમાં અત્યધિક ડિજિટલ ટેક્નોલોજીનું વાતાવરણ છે, જ્યાં કાર્યક્ષમતા અને સુખ-સુવિધાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. જેમકે ગુરુમાઈજી વર્ણન કરે છે, "એક નવી, નવીન દુનિયા." એક એવી દુનિયા જેમાં આપણે આપણી આંગળીઓથી અમુક બટન દબાવીને જ આપણને જોઈતી મોટા ભાગની વસ્તુઓ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ દૃષ્ટિકોણથી જોઈએ તો એ નાની છોકરીના શબ્દોની પસંદગી પૂરીરીતે તર્કસંગત હતી. તેને શું જોઈએ છે એ કહેવા માટે અને એ પ્રાપ્ત કરવા માટે તે એવા શબ્દોનો પ્રયોગ કરી રહી હતી જેનાથી તે પરિચિત હતી, તે એ ભાષાનો પ્રયોગ કરી રહી હતી જે તેણે તેના જીવનમાં વડીલો પાસેથી સાંભળી હતી.

પરંતુ, આ વાત એક રસપ્રદ સવાલ ઉઠાવે છે. એ શું હતું જે તેને જોઈતું હતું? મહાશિવરાત્રિના થોડા દિવસો પછી, હું ગુરુમાઈજી સાથે વાત કરી રહી હતી અને મેં તેમને કહ્યું કે સત્સંગની એ વિશેષ ક્ષણ મને ઘણી હર્ષપૂર્ણ લાગી હતી. ગુરુમાઈજીએ મને કહ્યું કે જ્યારે આ નાની છોકરીએ તેની ઇચ્છા વ્યક્ત કરી હતી, એ સમય સુધી તેણે ગુરુમાઈજીનાં પ્રત્યક્ષ દર્શન નહોતાં કર્યાં. એના વિશે તેને કોઈ અનુભવ નહોતો. જોકે તેણે કદાચ તેના માતાપિતા પાસેથી પ્રત્યક્ષ દર્શન વિશે સાંભળ્યું હશે, પરંતુ તેની પાસે શ્રીગુરુની સદેહ ઉપસ્થિતિમાં હોવાનો કોઈ સંદર્ભ નહોતો.

તેમ છતાં કોઈક રીતે, તે *જાણતી હતી* કે તે દર્શન કરવાં માગે છે. તો તેના માટે દર્શનનો અર્થ શું હતો? ગુરુમાઈજીનાં દર્શન કરવાં તેના માટે આટલાં મહત્ત્વપૂર્ણ શા માટે હતાં? દર્શન કેવાં હોય છે, તેના વિશે તેણે શું કલ્પના કરી હશે? ગુરુમાઈજી સાથે હોવાની, ગુરુમાઈજી સાથે વાત કરવાની અનુભૂતિ કેવી હશે, તેના વિશે તેણે શું કલ્પના કરી હશે? શ્રીગુરુની ઉપસ્થિતિમાં હોવાની રૂપાંતરણકારી શક્તિ કેવી હોય છે તેના વિશે, તેના અવચેતન મનમાં તે શું સમજી હશે? તેની લલકને વધારવા માટે તેની પાસે સાત વર્ષો હતાં, જે તેના માટે તો આખું જીવન હતું. દર્શન વિશે પહેલાંથી જ તેના અંતરમાં શું સમજ હશે?

મેં પહેલાં પણ ગુરુમાઈજીને આ વિશે કહેતાં સાંભળ્યાં છે કે બાળકો વિશેષરૂપે ભગવાનની નજીક હોય છે. હું આનો અર્થ એ સમજી છું કે તેઓ હજી એ સ્રોતથી એટલાં દૂર નથી જ્યાંથી તેમનો અને આપણાં બધાંનો ઉદ્‌ભવ થયો છે. કદાચ આ નાની છોકરીની દર્શન માટેની લલકમાં — એક એવા અનુભવની લલકમાં જે એક રીતે તેના માટે અજાણ્યો હતો — અંતર્જાત ઓળખ, એક આંતરિક બોધ હતો. આ એક એવા પ્રકારની ઓળખ, આંતરિક બોધ છે જે આપણી અંદર કદાચ ત્યારે જાગે છે જ્યારે ઉદાહરણ રૂપે આપણે કોઈ મોટા અને વિશાળ પર્વતની સામે ઊભા હોઈએ, અથવા કોઈ પાણીના ધોધની રૂપેરી-નીલ ધારાને જોઈ રહ્યાં હોઈએ. આ આંતરિક બોધ નૃત્ય કરતી જ્યોત જોવાથી આપણી અંદર જાગે છે, અથવા સમુદ્ર અને આકાશના વિશાળ વિસ્તારને જોવાથી આપણા હૃદયમાંથી પ્રસ્ફૂટિત થાય છે. આ અંતર્જાત ઓળખ, આ આંતરિક બોધ છે, એકત્વનો, એક એવો ગહન અનુભવ કે આપણે પાછા ઘરે આવી ગયા છીએ, એની પાસે જેના આપણે હંમેશાથી હતાં.

ખાસ કરીને આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને જોઈએ તો એ બંને શબ્દો જેનો આ છોકરીએ પ્રયોગ કર્યો — ‘બુકિંગ કરવું’ અને ‘દર્શન કરવાં’ — એ વિચારવામાં મનમોહક છે. અલબત્ત, મને પણ આ બંને શબ્દોનો એકસાથે પ્રયોગ કરવાની તેની આ અત્યંત મનોહર પસંદગી પર બીજાં બધાંની સાથે હસવું આવી ગયું. કેવી કલ્પના છે, હે ને? કેવી કલ્પના છે કે આપણે દર્શનનું એ રીતે “બુકિંગ” કરી શકીએ જે રીતે આપણે રોજબરોજની કોઈ બીજી વસ્તુનું બુકિંગ કરી શકીએ છીએ? કેવી કલ્પના છે કે આપણે દર્શન જેવી અમૂલ્ય, અતિ ઉત્કૃષ્ટ વસ્તુને પણ જ્યારે “ઇચ્છીએ ત્યારે” પ્રાપ્ત કરી શકીએ છીએ?

જેમકે મેં પહેલાં જણાવ્યું હતું ગુરુમાઈજીએ આ કહીને જવાબ આપ્યો, “કેમ નહીં?” તેમણે આ નાની છોકરીના વિચારને આટલું મહત્ત્વ આપ્યું. આ સાંભળીને હું થોભી ગઈ. અને પછી મેં સ્વયંને આ જ સવાલ પૂછ્યો : “કેમ નહીં? આપણે જ્યારે ઇચ્છીએ ત્યારે દર્શન કેમ *ન કરી શકીએ?*”

હવે, ભલે આપણે *સદેહ રૂપમાં* ગુરુમાઈજીનાં દર્શનનું 'બુકિંગ' ના કરી શકીએ. ભૌતિક રૂપે શ્રીગુરુનું સાન્નિધ્ય આવી રીતે ન મળી શકે. પરંતુ, એક આધ્યાત્મિક અભ્યાસનાં રૂપે દર્શન આ રીતે થઈ *શકે* છે. આ રીતે દર્શન જરૂર *થાય* છે. ગુરુમાઈજી આપણને શીખવે છે કે દર્શન હૃદયમાં થાય છે. આપણે શ્રીગુરુની જ્યોતિર્મય ઉપસ્થિતિનો અહીં જ, અત્યારે જ, અનુભવ કરી શકીએ છીએ. આ અનુભવ પામવા માટે આપણે ક્યાંય જવાની જરૂર નથી.

સંતકવિ કબીરજી દ્વારા રચિત એક સુંદર ભજન છે જેને ગુરુમાઈજીએ સત્સંગમાં ઘણીવાર ગાયું છે. તે આ જ વિષય પર છે. કબીર સાહેબ આ ભજનમાં ભગવાન અને શ્રીગુરુના દષ્ટિકોણથી કહે છે :

> હે મારા પ્રિયજન, તું મને ક્યાં શોધી રહ્યો છે?
> હું તો તારી સાથે જ છું. હું તો તારી પાસે જ છું. હું તારા હૃદયમાં રહું છું.[૧]

સંતકવિ ભજનમાં આગળ આ વાતને વિસ્તારપૂર્વક સમજાવે છે કે વાસ્તવમાં "તે" મંદિરમાં, મસ્જિદમાં, કાશીમાં કે કૈલાસ પર્વત પર નથી રહેતો. તે તીર્થસ્થાનોમાં નથી રહેતો. પરંતુ તે મનુષ્યના વિશ્વાસમાં અને તેના હૃદયમાં મળે છે.

મહાશિવરાત્રિના સત્સંગ દરમ્યાન, મને મહસૂસ થયું કે આપણે આ જ પ્રજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યાં છીએ. મેં પહેલાં લખ્યું હતું કે 'ૐ નમઃ શિવાય' મંત્ર ભગવાન શિવનું જ એક રૂપ છે. મંત્રધૂન ગાઈને, આપણે હકીકતમાં ભગવાનનાં દર્શન કરી રહ્યાં હતાં. આપણે મહાદેવના સાન્નિધ્યમાં હતાં. આપણે આદિગુરુની સમક્ષ આવી ગયાં હતાં. અને આપણે સ્વયંને એ અનુભવ માટે ગ્રહણશીલ કરી રહ્યાં હતાં કે ભગવાન, શ્રીગુરુ અને આત્મા એક જ છે.

સિદ્ધયોગ પથની વેબસાઇટ પર મને તમારા અનુભવો વાંચવા બહુ ગમે છે તેનું એક કારણ એ છે કે તમે ઘણીવાર એ વિશે જણાવો છો કે તમે શ્રીગુરુની ઉપસ્થિતિનો અનુભવ કેવી રીતે કરી રહ્યાં છો, પછી ભલે તમે વિશ્વમાં જ્યાં પણ હો. હાલમાં, સ્વિટ્ઝર્લેન્ડના કોનોલફિંગન શહેરમાં રહેતા એક સિદ્ધયોગીએ "શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન"ની આ શૃંખલા પર મારો પરિચયાત્મક ભાગ વાંચીને જણાવ્યું :

> ગુરુમાઈજી સાથે મહાશિવરાત્રિ સત્સંગના થોડા દિવસો પછી, મારી અંદર શ્રીગુરુના બાહ્ય સ્વરૂપના સાન્નિધ્યમાં રહેવાની તીવ્ર લલક જાગી અને હું કલ્પના કરવા લાગ્યો કે ગુરુમાઈજીની ભૌતિક ઉપસ્થિતિમાં રહેવું કેટલું અદ્‌ભુત હશે. આજે શ્રીગુરુગીતાનો પાઠ કર્યા પછી....મને અનુભૂતિ થઈ કે ગુરુમાઈજી મારા હૃદયમાં વસે છે — તેઓ ભગવાન સાથે અને મારા પોતાના પરમ આત્મા સાથે એક છે. તેઓ આના કરતાં વધારે મારી નજીક હોઈ જ ન શકે!

આ સિદ્ધયોગીએ જે સમજ આપણને જણાવી તે અંતઃપ્રેરિત છે અને *પ્રેરણાદાયી* પણ છે. મને લાગે છે કે આ સમજ સશક્ત પણ છે. આ સમજ મને એ પૂછવા માટે પ્રોત્સાહિત કરે છે, "આપણે સદૈવ આપણાં હૃદયમાં ગુરુમાઈજીની ઉપસ્થિતિનો અનુભવ કરી શકીએ છીએ, આ સમજનો, આ રૂપાંતરણકારી જ્ઞાનનો ઉપયોગ હું મારા જીવનમાં કેવી રીતે કરીશ — આપણે કેવી રીતે કરીશું?"

હું એ સાત વર્ષની છોકરીએ જે વાત કહી હતી, તેની યાદગાર અભિવ્યક્તિમાં અજાણતા જ જે પ્રજ્ઞાન છુપાયેલું છે, તેના પર પાછી આવું છું. તેણે "દર્શનનું બુકિંગ કરવા" વિશે કહ્યું — જેનું તાત્પર્ય છે, દર્શન માટે સમય નિર્ધારિત કરવો, ભગવાન સાથે એક પ્રકારની મુલાકાતનો સમય નક્કી કરવો એટલે કે અપૉઇન્ટમેન્ટ લેવી. કોઈ વસ્તુનું બુકિંગ કરવા માટે એક ઉદ્દેશ્યની જરૂર હોય છે, તેના માટે સંકલ્પ બનાવવો જરૂરી છે. તેના માટે દીર્ઘદૃષ્ટિ રાખીને યોજના બનાવવી જરૂરી છે. આ વાત સાચી છે (અને નિશ્ચિતપણે મારો અનુભવ પણ આવો જ રહ્યો છે) કે સિદ્ધયોગ પથ પર, આપણને કોઈ અપેક્ષા વિના જ આપણાં હૃદયમાં શ્રીગુરુની ઉપસ્થિતિ મહસૂસ થઈ શકે છે. આપણી આસપાસની હવા અચાનક પ્રકાશથી ચમકવા લાગે છે; એક એવું સંગીત ગુંજવા લાગે છે જે આપણને અંતરમાં સાંભળાય છે.

પરંતુ આપણે દર્શનનો અનુભવ કરવા માટે વધારે સજગતા અને નિયમિતતાથી નિર્ણય પણ લઈ શકીએ છીએ. આપણે સ્વર્ગનો લોકપ્રસિદ્ધ પ્રકાશ આપણા ઉપર ચમકે તેની રાહ જોવાની જરૂર નથી. આપણે પહેલ કરી શકીએ છીએ. આપણે આપણાં શ્રીગુરુ સાથે રહેવા માટે, આપણાં હૃદયમાં તેમનાં દર્શન કરવા માટે સમય કાઢવાનો નિર્ણય લઈ શકીએ છીએ. આપણે આ મુલાકાત માટે નિયમિતપણે અપૉઇન્ટમેન્ટ અથવા સમય નિર્ધારિત કરી શકીએ છીએ! જરા એ બધી અપૉઇન્ટમેન્ટ અને કાર્યક્રમો વિશે વિચારો જેનાથી આપણે આપણા કૅલેન્ડરને ભરી દઈએ છીએ. આપણે દર્શન માટે પણ આવું કેમ ન કરીએ? દર્શનને સૌથી વિશેષ અને અતિ આવશ્યક અપૉઇન્ટમેન્ટ કેમ ન બનાવી લઈએ?

ગયા વર્ષે, આપણે જોયું કે આપણાં જીવનનું સ્વરૂપ અને તેની દિશા પણ એ વાત પર નિર્ધારિત થાય છે કે આપણે આપણા સમયનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. આપણા બધાંનાં જીવનમાં આપણાં દૈનિક કર્તવ્યો છે, આપણી વ્યક્તિગત અને વ્યાવસાયિક જવાબદારીઓ છે. આપણે આપણા સમય વિશે પણ એવા નિર્ણયો લઈ શકીએ છીએ જેનાથી આપણાં જીવનના વર્તમાન નિત્યક્રમમાં રહીને પણ આપણે માંગલ્યને વધારી શકીએ.

આ બધું કહ્યાં પછી, હું હવે તમારી પાસેથી જાણવા માગું છું. જ્યારે તમે ગુરુમાઈજીનાં દર્શન કરવા વિશે વિચારો છો અને તમે તમારા માટે "દર્શનનું બુકિંગ" કરવા ઇચ્છો છો ત્યારે તમારા માટે દર્શનનો અર્થ શું હોય છે? શું તમને એવી અપેક્ષા છે કે દર્શન કરવાથી તમને કોઈ વિશિષ્ટ લાભ મળશે? કે પછી તમે દર્શનના જાદુને તે જે રીતે પ્રગટ થવા માગે છે તે રીતે પ્રગટ થવા દો છો?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

૧ *મોકો કહાં તૂ ઢૂંઢે બંદે*; અંગ્રેજી ભાષાંતર © ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®.